


ફુલોની નગરી - વાયબ્રન્ટ સમિટના પગલે ગાંધીનગર સોળેકળાએ ખીલી રહ્યું છે... સ્વચ્છતા, સુવિધા, સુંદરતા માટે તંત્ર સતત દોડતું રહ્યું છે... સ્વર્ણિમ પાર્કમાં વિવિધ પ્રકાર - રંગોના ફુલ-છોડ રોપાઈ રહ્યું છે... વાયબ્રન્ટ સમિટ સમયે આવનારા મહેમાનોને સ્વર્ણિમ પાર્કનો રંગબેરંગી નજારો નિહાળવા મળે એવું આયોજન અમલી બની રહ્યું છે... આજકાલ ગાંધીનગરના બાગ-બગીચા, માર્ગો - મકાનો, ટ્રાફિક સીગ્નલ, સાઈન બોર્ડ બધુ જ નવા રૂપ-રંગમાં જોવા મળે છે...


### ગુજરાતમાં પ્રથમ બાયપાસ સર્જરી કરનારા ડો સુકુમાર મહેતાએ

# શહેરની આશ્કા હોસ્પિટલમાં દિલધડક ઓપરેશન કરી યુવાનનો જીવ બચાવ્યો

**હૃદયમાંથી આખા શરીરને લોહી પહોંચાડતી મહાધમનીની દિવાલોમાં પડેલી તિરાડોને કૃત્રિમ પાઇપ બેસાડી એન્ડો વોસ્કયુલરનુ ઓપરેશન સફળ રીતે પાર પાડયુ : આશ્કા સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં એન્ડો વાસ્કયુલર ઓપરેશનના માધ્યમથી યુવાનને નવજીવન મળ્યુ :નવી અને આધુનિક પધ્ધતિથી દર્દી માથે તોળાતુ જોખમ ટળ્યુ**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરની આશ્કા હોસ્પિટલમાં એક દિલધડક ઓપરેશન કરીને તબીબે સાબરકાંઠના એક ૩૮ વર્ષીય યુવાનનો જીવ બચાવાનુ ઉમદા કામ કર્યુ છે. સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ નવી પધ્ધતિથી એન્ડો વાસ્કયુલર ઓપરેશન વડે યુવાનને નવુ જીવતદાન મળ્યુ હતુ. હૃદય અને આખા શરીરને લોહી પુરુ પાડતી મહાધમનીના ત્રણ પડની દિવાલના પડમાં ચીરા પડયા હોવાનુ નિદાન થતા આશ્કા સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં કાર્ડીયો વાસ્કયુલર અને થોરેસિક સર્જન ડો સુકુમાર મહેતાએ માત્ર દોઢ કલાકમાં જ આ ઓપરેશન સફળતા પુર્વક પુર્ણ કરી કમાલ કરી હતી.



સાબરકાંઠા ખાતે રહેતા ૩૮ વર્ષીય યુવાનને અચાનક જ છાતીમાં અને પીઠમાં દુખાવો ઉપડતા તબીબી રીપોર્ટના અંતે હૃદયમાંથી આખા શરીરને લોહી પુરુ પાડતી મહાધમની એઆર્ટા ના ત્રણ પડની દિવાલના અંદરના બે પડમાં ખુબ લાંબા ચીરા પડી ગયા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. આવા સંજોગોમાં ગણતરીના કલાકોમાં જ એઆર્ટા ફાટી જઈને આંતરિક રક્ત સ્રાવના લીધે દર્દીનુ મોત પણ નિપજતુ હોય છે. આ રોગને ડિસેકશન ઓફ એઆર્ટા કહેવામાં આવે છે. જયારે આ રોગમાં મૃત્યુદર પણ ઉંચો હોય છે.આ દર્દીને ગાંધીનગરની આશ્કા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ડો દિપેશ ફટાનીયા તેમજ ડો મયુર પટોલીયાએ લોહીનુ દબાણ યોગ્ય કરવા માટે સારવાર પુરી પાડી હતી અને દર્દીનો સી ટી એઓર્ટા ગ્રામ તત્કાલ કરવામાં આવ્યો હતો. જેના અંતે મહાધમનીની એઓર્ટા ના પડ ફાટી જતા હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. દર્દીને રાત્રિના સમયે જ ઈમરજન્સી કેસમાં હોસ્પિટલના કાર્ડીયો વાસ્કયુલર અને થોરેસિક સર્જન ડો સુકુમાર મહેતાએ તપાસ્યા હતા. જયારે એઆર્ટા ને સાંધવાનુ ઓપરેશન ખુબ જ જટીલ અને જોખમી હોવાનુ દર્દીના પરિવારજનોને જણાંવ્યુ હતુ. પરંતુ આધુનિક એન્ડો વોસ્કયુલર ઓપરેશન અંગે સમજ આપી આ નવી પધ્ધતિથી સારવાર શરૂ કરી હતી. અંદાજિત દોઢ કલાકના આ ઓપરેશન દરમિયાન અત્યાધુનિક પધ્ધતિથી દર્દીના ડાબા સાથળની મુખ્યધમનીમાં પંચર કરી એક વાયર એઆર્ટા અંદર ૭૦ સે મી સુધી નાંખવામાં આવ્યો હતો. આ જ ધમનીમાંથી ૮ મિલીમીટરના વ્યાસવાળી એક લાંબી નળી એઆર્ટામાં દાખલ કરવામાં આવી હતી. જયારે આ નળી યોગ્ય જગ્યાએ ગોઠવાઈ ગઈ છે તેની ખાતરી કર્યા બાદ

● અનુસંધાન પાન-૭ પર

## દર એક લાખે ૩ વ્યકિત આ રોગનો શિકાર બને છે : ડો સુકુમાર

એન્ડો વાસ્કયુલર ઓપરેશન અંગે ડો સુકુમાર મહેતાએ જણાંવ્યુ હતુ કે આ ઓપરેશન દરમિયાન દર્દીને જોખમ રહેતુ નથી. જયારે ઓપન સર્જરીનુ જોખમ નિવારી શકાય છે. લોહીના ઘણાં બધા યુનિટ ચઢાવાની જરૂર પડતી નથી. ડો સુકુમાર મહેતાએ ગુજરાતમાં પ્રથમ બાયપાસ સર્જરી કરવાની સિધ્ધિ પણ હાંસલ કરી છે. તેમણે જણાંવ્યુ હતુ કે ડિસેક્શન ઓફ એઆર્ટામાં ૪૦ ટકા દર્દીઓ હોસ્પિટલ સુધી પહોંચી શકતા નથી. જયારે દર એક લાખ દર્દીએ ૩ આ રોગનો શિકાર બને છે. ત્યારે આ નવી અને સરળ ઓપરેશન પધ્ધિતથી અસરકારક પરિણામ મળે છે. અને દર્દીને હોસ્પિટલમાં પણ લાંબો સમય રહેવુ પડતુ નથી.

# એક લાભાર્થી મહિલા ચક્કર ખાઈ બેભાન બની

**કલેક્ટર, ડીડીઓ, કમિશ્નર સ્ટોલે સ્ટોલે ફર્યા**

**ગરીબ કલ્યાણ મેળાની સાથે સાથે**

- કોબા પ્રેક્ષા ભારતી ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓના લાભનું વિતરણ ચાલી રહ્યુ હતુ ત્યારે એક લાભાર્થી મહિલાને ચક્કર આવ્યા હતા અને બેહોશ થઈ ગઈ હતી. હાજર તબીબી ટીમે સારવાર આપી વધુ સારવાર માટે એમ્બ્યુલન્સની મદદથી ગાંધીનગર ખસેડાઈ હતી.
- આજે ગરીબ કલ્યાણ મેળામાં મંત્રી દિલીપ ઠાકોરને જે દરવાજે ઉતારવાના હતા તેના બદલે બીજા દરવાજે તેમની ગાડી પહોંચતાં તંત્રના અધિકારીઓ ત્યાં પહોંચ્યા હતા.
- આજના ગરીબ કલ્યાણ મેળામાં ૨ ખાનગી બસો સહિત કુલ ૫૭ બસો હતા. જેમાં મહાનગરપાલિકાની સીટી સર્વિસની બસો પણ હતી.
- આજે ગરીબ કલ્યાણ મેળામાં આવેલા રાજ્યના શ્રમમંત્રી દિલીપ ઠાકોરને જિલ્લા ભાજપના હોદ્દેદારોનો પરિચય કરાવતા હતા ત્યારે તેમને કહ્યું કે કામ કરે તે બધા કાર્યકર્તા. લોકો સાથે સંપર્ક વધારો.

● અનુસંધાન પાન-૭ પર

# છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ૬૮ હજારથી વધુ નવા મતદારો નોંધાયા

**સૌથી વધુ ગાંધીનગર(દ)માં નોંધાયા : જિલ્લામાં મતદારોની સંખ્યા ૧૨ લાખને પાર કરી ગઈ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પછી બે વર્ષના ગાળામાં ૬૮ હજારથી વધુ મતદારોનો વધારો નોંધાયો છે.

જિલ્લામાં મતદારયાદીની સુધારણા ઝુંબેશ સંપન્ન થઈ ગઈ છે અને સપ્ટે-ઓક્ટો-૧૮ દરમ્યાન યોજાયેલ આ ઝુંબેશને અંતે જિલ્લામાં ૨૬,૮૨૪ મતદારો નવા નોંધાયા છે.

આ ઝુંબેશ દરમ્યાન ૫૨૦૪ મતદારોની નામ કમી કરવાની અરજીઓ મળી હતી. આ નામ રદ કર્યા બાદ મતદારોની સંખ્યા ૧૨ લાખ ૧૩ હજાર ૯૩૫ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે ૧-૧-૧૯ની સ્થિતિએ મતદારયાદીનો ડ્રાફ્ટ રોલ જે ૪થી જાન્યુઆરી પ્રસિદ્ધ થવાનો હતો તેની મુદતમાં હવે પંચે વધારો કર્યો છે.

૨૦૧૭માં યોજાયેલ વિધાનસભાની ચૂંટણી વેળાએ જિલ્લામાં નોંધાયેલ મતદારોની સંખ્યા ૧૧,૪૫,૩૬૯ હતી. જે હવે સૂચિત ડ્રાફ્ટ રોલમાં વધીને ૧૨,૩૧,૯૩૫ થઈ છે. આમ જિલ્લામાં બે વર્ષમાં ૬૮,૫૬૬ નવા મતદારો નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સૌથી વધુ નવા મતદારો ગાંધીનગર (દ) બેઠક પર નોંધાયા છે. આ પછી ગાંધીનગર (ઉ) આવે છે. ત્યારબાદ કલોલ, દહેગામ અને માણસાનો ક્રમ આવે છે.

જિલ્લામાં મતદારયાદીમાં સુધારા વધારા માટે ૧૪,૭૪૭ જેટલી અરજીઓ મળી હતી જેનો નિકાલ તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. આ ઉપરાંત એક જ વિધાનસભા મતવિસ્તારમાં સરનામામાં ફેરફારની ૨૯૦૦ જેટલી અરજીઓ મળી હતી જેનો પણ નિકાલ તંત્ર દ્વારા કરાયો છે. લોકસભાની આવી રહેલી ચૂંટણીને ધ્યાને રાખી સપ્ટે-ઓક્ટો-૧૮ દરમ્યાન યોજાયેલી આ ઝુંબેશનું રાજકીય મહત્વ સૌથી વધુ હતુ. હવે એકાદ સપ્તાહમાં મતદારયાદીનો ડ્રાફ્ટ રોલ પ્રસિદ્ધ થશે તેમ જાણવા મળેલ છે. જિલ્લામાં મતદારોની ટકાવારીમાં ૮ થી ૯ ટકા જેટલો વૃદ્ધિદર નોંધાયો છે. જિલ્લામાં મતદારોનો રેસિયો વસ્તીના પ્રમાણમાં જોઈએ તો ૭૦ ટકાની આસપાસ થાય છે.

જિલ્લામાં મતદારયાદીને લગતી વહીવટીય પ્રક્રિયા સંપન્ન થઈ ગઈ છે પણ નવા સોફ્ટવેર પર તે અપલોડ કરવાની કામગીરી હાલ ગતિમાં છે. એકાદ સપ્તાહ બાદ વિધિવત આંકડાઓ પ્રસિદ્ધ થશે તેમ મનાઈ રહ્યુ છે.

# વાયબ્રન્ટ સમીટને પગલે અમદાવાદમાં નિકાસકારોની કોન્ફરન્સ યોજાઈ

**નિકાસકારોની કોન્ફરન્સ પહેલીવાર કોઈ રાજ્ય સરકાર દ્વારા વાયબ્રન્ટને લઈ યોજાઈ હોય તેવી પ્રથમ ઘટના બની છે**

ગાંધીનગર, તા. ૩

વાયબ્રન્ટ સમીટ-૨૦૧૯ને ધ્યાને રાખી રાજ્ય સરકારે પ્રથમવાર રાજ્યના નિકાસકારોની એક કોન્ફરન્સ અમદાવાદ ખાતે યોજી હતી.




આ કોન્ફરન્સમાં ભારત સરકારના વાણિજ્ય મંત્રાલયના અધિકારીઓ, ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડના અધિકારીઓની ટીમ પણ હાજર રહી હતી જેમાં રાજ્યમાંથી નિકાસ કેવી રીતે વધી શકે તેના પર વિગતે પરામર્શ કરવામાં આવ્યો હતો.

૧૯મીએ આફ્રિકન ડે ની થનારી ઉજવણીના સંદર્ભે યોજાયેલ આ કોન્ફરન્સમાં ભારત અને રાજય સરકારના અધિકારીઓએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતુ. એડી. ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ જે.એમ. ગુપ્તા, રાજ્યના ઉદ્યોગ કમિશ્નર મમતા વર્મા, એસ.જે. હૈદર તેમજ અન્ય અધિકારીઓ આ કોન્ફરન્સમાં જોડાયા હતા.

૧૯મીના આફ્રિકન ડે ની ઉજવણીમાં ૪૫થી વધુ આફ્રિકન દેશોના પ્રતિનિધિઓનું હાજર રહેવા અંગેનું સમર્થન મળી ગયુ હોવાનું જાણવા મળેલ છે. ૧૦ કરોડથી વધુની નિકાસ આ દેશોમાં કરતા નિકાસકારોએ કોન્ફરન્સમાં ૫૦થી વધુ જેટલા મુદ્દા ઉપસ્થિત કર્યા હતા જેને લઈ અધિકારીઓએ વિશેષ માર્ગદર્શન આપ્યુ હતુ.

નિકાસકારોની કોન્ફરન્સ પહેલીવાર કોઈ રાજ્ય સરકાર દ્વારા વાયબ્રન્ટને લઈ યોજાઈ હોય તેવી ઘટના બની છે.

રાજ્યમાંથી છેલ્લા બે વર્ષથી એક લાખ ૪૦ હજાર કરોડની નિકાસ આફ્રિકન દેશોમાં કરવામાં આવી રહી છે જે રાજ્યમાંથી થતા નિકાસનો ખુબ મોટો હિસ્સો છે.

# મહત્તમ તાપમાન ઘટ્યું : ઠંડીનું મોજુ યથાવત : પારો ૭.૪ ડિગ્રી

**બપોરે મળતી રાહત પણ છીનવાઈ : મહત્તમ પારો દોઢ ડિગ્રી ઘટ્યો : આખો દિવસ ગરમ વસ્ત્રોના સહારે રહેવુ પડે તેવા દિવસ આવી રહ્યા છે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં ઠંડીનું જોર યથાવત જળવાઈ રહ્યું છે અને દિવસનું મહત્તમ તાપમાન પણ ધીમે ધીમે નીચે તરફ સરકી રહ્યું છે. જેના કારણે બપોરના સમયે ઠંડીમાં મળતી રાહત પણ ઝડપથી છીનવાઈ જશે તેવુ જણાઈ રહ્યું છે. આજે લઘુત્તમ પારો ૭.૬ ડિગ્રીથી ઘટીને ૭.૪ ડિગ્રી સે. સુધી નોંધાયો હતો તે સાથે મહત્તમ તાપમાનનો આંક પણ ગઈકાલના ૩૦.૪ ડિગ્રી સે. થી ઘટીને ૨૯ ડિગ્રી સે. સુધી ગગડવા પામ્યુ હતુ. છેલ્લાં કેટલાક સમયથી પાટનગરમાં કોલ્ડવેવની સ્થિતિ સર્જાઈ છે અને રાજ્યમાં સૌથી વધુ ઠંડા સ્થાનોમાં શહેરનો સમાવેશ થઈ રહ્યો છે. શિયાળાની આ કડકડતી ઠંડીએ નગરજનોને ધ્રુજાવી દીધા છે પરંતુ આ સાથે બપોરના સમયે તડકાના કારણે તાપમાનનો પારો ૩૦ ડિગ્રીથી ઉપર રહેતો હતો તેથી રાહત પ્રાપ્ત થતી હતી. જોકે આજે મહત્તમ પારો પણ ૩૦ ડિગ્રીની નીચે આવી ૨૯ ડિગ્રી સે. નોંધાતા દિવસ દરમ્યાનની રાહત પણ છીનવાતી હોવાનો નાગરિકોને અહેસાસ થવા લાગ્યો છે. બપોરના સમયે પણ હવે નગરજનોએ સ્વેટર-ટોપી, શાલ કે જેકેટ્સ જેવા ગરમ વસ્ત્રોના સહારે રહેવુ પડશે તેવા દિવસો આવતા સ્પષ્ટ જણાઈ રહ્યા છે. આજે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ જે સવારે ૭૮ ટકા હતુ તે સાંજે ઘટીને ૫૬ ટકા સુધી રહેવા પામ્યું હતું.


**ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.**
પ્લોટ નં. ૩૯૧, ઘ-૪।।, સેક્ટર-૧૬, ગાંધીનગર

**બેન્કના સભાસદોની જાણ સારૂ ડિવિડન્ડની ચુકવણી બાબતે**

બેન્કના સર્વે માનવંતા સભાસદોને જણાવવાનું કે, ડિવિડન્ડની ચુકવણી અંગે નીચે જણાવેલ બાબતોની નોંધ લેવા વિનંતી.

(૧) હાલ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ તથા ૨૦૧૭-૧૮ના વર્ષ માટેનું ડિવિડન્ડનું ચુકવણું ચાલી રહેલ છે.
(૨) ડિવિડન્ડ મેળવવાનો સમય બેન્કની હેડ ઓફિસ ખાતે સવારે ૧૦:૦૦ થી સાંજના ૪:૦૦ વાગ્યા સુધીનો રહેશે. જે પૈકી બપોરે ૨:૦૦ થી ૨:૩૦ નો સમય રીસેસનો રહેશે. રીસેસ સિવાયના સમયમાં ડિવિડન્ડ મળી શકશે.
(૩) ડિવિડન્ડ જાહેર થયેલ તારીખથી ત્રણ વર્ષની અંદર રૂબરૂમાં મેળવી લેવું જરૂરી છે અન્યથા બેન્કના પેટા કાયદા અનુસાર તે રકમ રીઝર્વ ફંડમાં જમા કરવામાં આવશે ત્યારબાદ પ્રાપ્ત થઈ શકશે નહી.
(૪) જે સભાસદો તેમજ પેઢીઓ પોતાનું કાર્યક્ષેત્ર છોડીને બહાર જતા રહેલ છે તેમજ જે પેઢીઓ બંધ થઈ ગયેલ છે છતાં પણ બેન્કના સભાસદ તરીકે ચાલુ રહેલ છે તેઓને પોતાના શેર તા. ૩૧/૩/૨૦૧૯ સુધીમાં જાતે બેન્કમાં રૂબરૂ આવીને પરત કરી જવા અને તેની રકમ પરત મેળવી લેવી અન્યથા તેઓનું સભાસદ જપ્ત કરીને શેરની રકમ રીઝર્વ ફંડ ખાતે જમા કરવામાં આવશે ત્યારબાદ આ અંગેની કોઈ રજૂઆત બેન્ક સ્વીકારી શકશે નહિ.
(૫) જે સભાસદોને ડિવિડન્ડ મેળવવા માટે રૂબરૂ આવવાનું દર વર્ષે પોષાય તેમ ન હોય તો નજીકની શાખામાં ૦ (ઝીરો) બેલેન્સથી ખાતું ખોલાવીને ડિવિડન્ડની રકમ તે ખાતામાં જમા કરવા માટેની લેખિત સુચના આપી શકે છે જેથી આપોઆપ ડિવિડન્ડની રકમ દર વર્ષે ખાતામાં જમા કરવામાં આવશે.
(૬) હાલમાં જે સભાસદો પ્રોપરાઈડર શીપ પેઢી તરીકે સભ્યપદ ધારણ કરી રહેલ છે તેઓએ બેન્કમાં K.Y.C. દસ્તાવેજ બેન્કમાં રજૂ કરીને વ્યક્તિગત નામે સભ્યપદ જાળવવાનું રહેશે અને પ્રોપટાઈટર શીપ પેઢીનું સભ્યપદ રદ કરવાનું રહેશે.
(૭) જે સભાસદોએ પોતાના K.Y.C. દસ્તાવેજ બેન્કમાં રજૂ કરેલ હશે તેઓને જ ડિવિડન્ડ પ્રાપ્ત થઈ શકશે તે માટે નીચે જણાવેલ દસ્તાવેજો અસલ તથા ઝેરોક્ષ કોપી સાથે લઈને આવવાનું રહેશે.
(અ) પાનકાર્ડ ફરજીયાત લાવવાનું રહેશે તથા જો પાનકાર્ડ ન હોય તો બેન્કમાં ફોર્મ-૬૦ અથવા ફોર્મ-૬૦(૧) લાગુ પડતું હોય તે રૂબરૂ આવીને સહી કરી આપવાની રહેશે.
(બ) આધારકાર્ડ અથવા ચૂંટણીકાર્ડ
(ક) જો આધારકાર્ડ તથા ચૂંટણીકાર્ડનું સરનામું જુદુ હોય તો છેલ્લામાં છેલ્લી (નવું) લાઈટબિલ આધાર તરીકે સાથે લાવવાનું રહેશે.
ઉપરોક્ત સઘળા દસ્તાવેજ અસલ ફોટોકોપી સાથે લઈને આવવું. ત્યારબાદ અત્રેથી પ્રમાણિત કરીને અસલ દસ્તાવેજ તુરત જ પરત કરવામાં આવશે.
(૮) જે સભાસદો રૂ. ૧૦૦૦/-થી ઓછી રકમના શેર ધરાવે છે તેઓ વધારાની શેરની રકમ જમા કરાવી વધુમાં વધુ રૂ. ૨૫૦૦/-ના શેર ધારણ કરી શકશે જેથી સભાસદોને યોગ્ય માત્રામાં ડિવિડન્ડ પ્રાપ્ત થઈ શકે અને તે રીતે ડિવિડન્ડ મેળવવા માટેના બિનજરૂરી ખર્ચામાંથી પણ બાકાત રહી શકાશે.
(૯) તે પ્રકારના સભાસદો કે જેઓના ડિવિડન્ડ છેલ્લા પાંચ વર્ષથી ઉપરાંતના સમયથી માત્ર રીઝર્વ ફંડમાં જમા થઈ રહેલ છે અને તેઓ પોતાનું ડિવિડન્ડ મેળવતા નથી તેઓનું સભ્યપદ રદ કરવામાં આવશે જેથી એ અંગે જે કાંઈ રજૂઆત કરવાની હોય તેની લેખિત અરજી તા. ૩૧/૩/૨૦૧૯ સુધીમાં રજૂ કરવાની રહેશે અન્યથા તેઓના સભ્યપદ રદ કરીને શેર મુડી પેટે બેન્કમાં જમા રહેલ રકમ રીઝર્વ ફંડમાં જમા કરવામાં આવશે ત્યારબાદ આ અંગેની કોઈ ફરિયાદ ધ્યાને લેવામાં આળશે નહિ.

લિ.
મેનેજીંગ ડિરેક્ટર



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com